RNTCP SUB COMMITTEE
THE URBAN HEALTH SOCIETY – AHMEDABAD

CITY TB OFFICER
3rd Floor,Behrampura Reffrel Hosp., Behrampura, Ahmedabad – 380022. Phone : 079 – 2533 0811
E-mail : dtoguamc@rntcp.org

Date:- Ref No.:-

# રીવાઈઝડ નેશનલ ટીબી કંટ્રોલ પ્રોગ્રામ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## ➢ પ્રોગ્રામના હેતુઓ:-

(૧) સારવાર ઉપર મુકેલ નવા સ્પુટમ પોજીટીવ દર્દીઓમાંથી ઓછા માં ઓછા ૮૫ ટકા દર્દીઓને શોધીને રોગમુકત (કયોર) કરવા.


(૨) સમાજમાં રહેલ આવા નવા સ્પુટમ પોજીટીવ દર્દીમાંથી ઓછામાં ઓછા ૭૦ ટકા દર્દીઓને શોધીને સારવાર પર મુકવા.

અંદાજ પ્રમાણે દર ૧ લાખની વસ્તીએ ૮૦ નવા સ્પુટમ પોજીટીવ દર્દીઓ હોય છે. આ ૮૦ના ૭૦ ટકા એટલે કે દર એક લાખની વસ્તીએ ૧ વર્ષમાં ૫૬ નવા સ્પુટમ પોઝીટીવ દર્દીઓ શોધવા. આ ૭૦ ટકા કેસ ડીટેકશનનો દર સતત જાળવી રાખવો.

આ હેતુ સિધ્ધ કરવા ભારત સરકારની ગાઈડલાઈનન્સ મુજબ અ.મ્યુ.કો.માં નીચે મુજબનું ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કરવામાં આવેલ છે અને ચાર મેડીકલ કોલેજ માં પણ આર.એન.ટી.સી.પી. પ્રોગ્રામ અમલમાં છે.

| Sr.no. | Category of Staff | Sanctioned | In Place | Trained In RNTCP |
|---|---|---|---|---|
| 1 | City TB Officer | 1 | 1 | 0 |
| 2 | MODTC | 1 | 1 | 1 |
| 3 | MOTC | 23 | 23 | 16 |
| 4 | STS | 23 | 23 | 23 |
| 5 | STLS | 11 | 11 | 11 |
| 6 | Lab. Technician | 17 | 16 | 16 |
| 9 | DEO | 2 | 2 | 2 |
| 10 | TBHV | 60 | 57 | 57 |
| 11 | DOTS PLUS SUPERVISOR | 2 | 2 | 2 |
| 12 | Driver | 1 | 1 | 1 |
| 13 | Acconuntat | 1 | 1 | 1 |

| Sr. No. | Name of TU | Population | No of DMCs | No. of DOTS Centre |
|---|---|---|---|---|
| 1 | Chandkheda | 232270 | 2 | 7 |
| 2 | Navavadaj | 256887 | 3 | 17 |
| 3 | Junavadaj | 248820 | 3 | 2 |
| 4 | Vasna | 232843 | 2 | 17 |
| 5 | Vejalpur | 300324 | 4 | 23 |
| 6 | Jodhpur | 334624 | 3 | 28 |
| 7 | Ghatlodia | 298126 | 3 | 19 |
| 8 | Ranip | 298556 | 5 | 10 |
| 9 | Behrampura | 248432 | 3 | 21 |
| 10 | Danilimada | 249268 | 2 | 15 |
| 11 | Isanpur | 261296 | 3 | 23 |
| 12 | Vatva | 284632 | 2 | 31 |
| 13 | Jamalpur | 219439 | 4 | 15 |
| 14 | Shahpur | 219188 | 3 | 7 |
| 15 | Asarwa | 274806 | 4 | 9 |
| 16 | Bhaipura | 259155 | 2 | 10 |
| 17 | Amraiwadi | 278797 | 3 | 7 |
| 18 | Rakhial | 314392 | 3 | 18 |
| 19 | Bapunagar | 204814 | 3 | 23 |
| 20 | India Colony | 253922 | 5 | 37 |
| 21 | Viratnagar | 285899 | 3 | 16 |
| 22 | Saijpur | 242661 | 3 | 12 |
| 23 | Nobalnagar | 269176 | 4 | 6 |
| | Total Population | 6061127 | 72 | 373 |




આ પ્રોગ્રામના સફળ અમલીકરણ માટે અને વહીવટમાં ઝડપ આવે તે હેતુસર ટીબી સોસાયટીની સ્થાપના કરવામાં આવેલ. આ ટીબી સોસાયટીના ચેરમેન તરીકે જીલ્લાની અંદર જીલ્લા વિકાસ અધિકારી અને કોર્પોરેસનમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/ડે.મ્યુનિસિપલ કમિશ્નરશ્રી (હેલ્થ) હતા. આ સોસાયટીની ભારત સરકાર તરફથી બારોબાર નાણા મલતા હતાં.પ્રોગ્રામના સફળ અમલીકરણ માટે વર્ગ એકના અધિકારી એવા જીલ્લા ક્ષય અધિકારીને દરેક જીલ્લા માં નિમણુંક કરવામાં આવેલ. આ જીલ્લા ક્ષય અધિકારી સોસાયટીના મેમ્બર સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે. નેશનલ રૂરલ હેલ્થ મિશન આવવાથી તમામ સોસાયટી જેવીકે ટીબી લેપ્રસી,બ્લાઈન્ડનેસ

કંટ્રોલ,એઇડ્સ કંટ્રોલ વગેરેનો જીલ્લા સોસાયટી/અર્બન હેલ્થ સોસાયટીમાં વિલય થયેલ અને આ સોસાયટીઓ જે તે હેલ્થ સોસાયટીની સબ કમીટીના રૂપમાં અસ્તિત્વમાં આવી અ.મ્યુ.કો.માં પણ તા.૨૩-૦૧-૨૦૦૯ની મીટીંગમા ઠરાવ્યા મુજબ તમામા સોસાયટી અર્બન હેલ્થ સોસાયટી અમદાવાદ કે જેના ચેરમેન તરીકે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી છે,તેમા વિસર્જીત થયેલ. આ નવી બનેલ આર.એન.ટી.સી.પી.ની સબ કમીટીના ચેરમેન તરીકે હેલ્થ ઓફિસરશ્રી અને મેમ્બર સેક્રેટરી તરીકે સીટી ટીબી ઓફિસર ફરજ બજાવે છે. ભારત સરકાર તરફથી સોસાયટીને જે નાણા મળે છે,તેનું બેંકમા અલગ એકાઉન્ટ નિભાવવામાં આવે છે. અને ભારત સરકારની ગાઇડલાઇન્સ તથા સ્ટેટ ટીબી ઓફીસરશ્રીના સુચવ્યા મુજબ તેનો વહીવટ થાય છે.

## ❖ અ.મ્યુ.કો.માં ટીબી પ્રોગ્રામનું વહીવટી માળખું:-

પ્રોગ્રામના અમલીકરણ માટે સીટી ટીબી ઓફિસરની જગ્યા મંજુર થયેલ છે.આ જગ્યા એ હાલમાં અ.મ્યુ.કો. ના આસી. હેલ્થ ઓફિસરશ્રીને ચાર્જ આપેલ છે. એક મેડીકલ ઓફિસરની પણ જગ્યા મંજુર થયેલ છે. ત્યા હાલ નિવૃત અધિકારી ફરજ બજાવે છે. ભારત સરકારની ગાઇડલાઇન્સ મુજબ સમગ્ર શહેરને ૨૩ ટીબી યુનિટમાં વહેંચી નાખવામાં આવેલ છે. આ દરેક ટીબી યુનિટમાં એક મેડિકલ ઓફિસર અને કોન્ટ્રકચ્યુઅલ સિનિયર ટ્રીટમેન્ટ સુપરવાઇઝર તથા સિનિયર ટીબી લેબોરેટરી સુપરવાઇઝર હોય છે. ટીબી યુનિટની સરેરાશ વસ્તી ૨.૫ લાખ હોય છે. એક લાખની વસ્તીએ ગળફાની તપાસ માટે લેબોરેટરી (ડી.એમ.સી.)ની સ્થાપના કરેલ છે. અત્યારે અ.મ્યુ.કો.માં ૭૨ ડી.એમ.સી.છે. ૧૭ લેબોરેટરી ટેકનિશ્યન આર.એન.ટી.સી.પી. અંર્તગત નિમણુંક પામેલ છે ને અન્ય લેબોરેટરી ટેકનિશ્યન આર.સી.એચ. પ્રોજેકટ અથવા કોર્પોરેસનના છે. એક લાખની વસ્તીએ એક કોન્ટ્રાકચ્યુઅલ ટીબી હેલ્થ વિઝીટરની નિમણુંક કરેલ છે.

## ❖ અગત્યના સ્ટાફની કામગીરીની ટુંકમાં વિગત:-

(૧) સિનિયર ટ્રીટમેન્ટ સુપરવાઇઝર (એસ.ટી.એસ.):- ટીબી યુનિટનીમાં શોધાયેલ દર્દીઓને સારવાર પર મુકવા દર્દીઓ સારવાર બરાબર લે છે તે જોવું સારવાર આપનારની કામગીરી પર સુપરવિઝન કરવું, તેઓ સારવાર ન લે તો તેને સમજાવવો અને આ અંગેની નિયત કામગીરી કરી ઓછામાં ઓછો ૮૫ ટકા કયોર રેટ મેળવવો અને ૭૦ ટકા કેસ મેળવવા અને તેને સતત જાળવી રાખવું. વિસ્તારમાં આરોગ્ય શિક્ષણની (આઇ.ઇ.સી.)ની કામગીરી ધનિષ્ટ બનાવવી. તેમજ ૭૦ ટકા કેસ ડિટેકશન મેળવવું અને જાળવી રાખવો. સુપરવિઝન માટે એસ.ટી.એસ.ને હીરો હોન્ડા મોટર સાયકલ ભારત સરકાર તરફથી આપવમાં આવેલ છે. જેને પી.ઓ.એલ. તથા મેન્ટેનન્સ માટે નાણા આપવામાં આવે છે.

(૨)સિનિયર ટીબી લેબોરેટરી સુપરવાઇઝર (એસ.ટી.એલ.એસ.):-

ટીબીની લેબોરેટરીની કામગીરીનું સુપરવિઝન કરે છે.

(૩) ટીબી હેલ્થ વિઝીટર (ટીબી એચ.વી.):-

શહેરી વિસ્તારમાં એક લાખની વસ્તીએ એક ટીબી હેલ્થ વિઝીટર હોય છે. ટીબી એચ.વી.નું મુખ્ય કામ શોધાયેલ દર્દીઓને સારવાર પર મુકવા, તેઓની ઘરની મુલાકાત લેવી, ડોટ્સ સારવાર આપવી, ડિફોલ્ટર રીટરાઇવલ એકશન લેવા, પ્રાઇવેટ પ્રેકટિશ્નરને મળવું, એન.જી.ઓ.ને મળવું, કોમ્યુનિટી લીડરને મળવું

અન્ય ડોટ્સ પ્રોવાઇડર ઉભા કરવા વગેરે છે. આ બધી કામગીરી કરીને તેમની એક લાખની વસ્તીમાં પ્રોગ્રામના બે ઓબ્જેકટીવ-કયોર રેટ અને કેસ ડિટેકશનના લક્ષ્યાંક સિધ્ધ કરવાના છે.

ભારત સરકારની ગાઇડલાઇન મુજબ બે એઠવાડીયા કે તેથી વધુ સમયથી ખાસી આવતી હોય તેવા વ્યકિતઓના બે ગળફાની તપાસ કરવામાં આવે છે. (૧) દર્દી દવાખાનામાં જાય ત્યારે તરતનો ગળફો (૨) સ્પુટમ કપની અંદર વહેલી સવારનો ગળફો અચુકથી લાવવાનો હોય છે.

## ❖<u>ડોટ્સ પ્લસ પ્રોગ્રામઃ-</u>

અનિયમિત દવા લેવાથી ટીબીના જંતુઓ દવાથી ટેવાઇ જાય છે અને સામન્ય રીતે આપવામાં આવતી ટીબીની દવાઓની અસર થતી નથી (તેને રેજીસ્ટન્ટ કહેવામાં આવે છે).આ સમસ્યા માટે ભારત સરકારે ડોટ્સ પ્લસ કાર્યક્રમ અ.મ્યુ.કો.માં પાયલોટ પ્રોજેકટ તરીકે તા.૦૧/૦૩/૨૦૦૭ થી અમલમાં મુકેલ. આવા દર્દીઓના ગળફાની તપાસ ચેન્નાઇ ખાતેની લેબોરેટરીમાં કરવમાં આવતી હતી અને જેનું રીઝલ્ટ ૨ થી ૩ માસ બાદ આવતુ હતું. હવે અ.મ્યુ.કો.માં અસારવાની સિવિલ હોસ્પિટલ અને એલ.જી.હોસ્પિટલમાં અધ્યતન મશીન ( **CNNAAT) (Cartridge Base Nuclic Acid Amplification Test)** થી નિદાન કરવાથી બે થી ત્રણ કલાકમાં નિદાનનું રીઝલ્ટ મળે છે. જેમા પોજીટીવ આવતા દર્દીઓને ૨૪ થી ૨૭ માસની તદન મફત સારવાર રૂબરૂમાં ટીબી એચ.વી. અને ડોટ્સ પ્રોવઇડર્સ દ્વારા ગળાવવામાં આવે છે. તેના સુપરવિઝન અને મોનિટરીંગ માટે અ.મ્યુ.કો.માં બે ડોટ્સ પ્લસ અને ટીબીએચ.આઇ.વી.સુપરવાઇઝરની નિમણુંક કરવામાં આવેલ છે.

ટીબી એચ.આઇ.વી. અંતર્ગત પણ સારી કામગીરી કરી દરેક દર્દીને ટીબીની સાથ એચ.આઇ.વી.નું ટેસ્ટીંગ કરવામાં આવે છે.

અ.મ્યુ.કો.માં સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ (આર.એન.ટી.સી.પી.)અસરકારક રીતે ચાલી રહેલ છે અને ભારત સરકારના ઓબ્જેકટીવ સિધ્ધ કરવમાં આવે છે.

પ્રાઇવેટ પ્રેકટીશ્નરશ્રીઓ કે જેઓ એમ.બી.બી.એસ. અથવા એમ.ડી. કરેલ હોય તેમણે નોટીફાઇડ દર્દીની વિગતોનો રીપોર્ટ દર માસે આર.એન.ટી.સી.પી. અ.મ્યુ.કો.માં મોકલાવવાનો હોય છે. તેમન તેમણે ટીબીમાં રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત હોય છે.

**સીટી ટીબી ઓફિસર**